ગાંધીનગર સમાચાર

## ડાયરેક્ટ ❤ સે

પ્રવાસમાં
ભક્તિ ઉમેરાય
ત્યારે
તે યાત્રા બને છે

## જન્મદિને વધામણી



ફારૂક બ્લોચ
મો. ૯૮૨૪૫ ૨૭૭૭૩



દીવા શાલીન જોષી



નવીનચંદ્ર આઈ. પટેલ
મો. ૯૯૯૮૦૨૧૯૨૦

# એમ બી પટેલ સ્કૂલમાં પ્રવેશોત્સવ





સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ, સૅક્ટર-૨૩ ખાતે પ્રવેશોત્સવની ઉજવણી હાથ ધરવામાં આવી હતી, જે અંતર્ગત ૨૦૫ વિદ્યાર્થીનીઓને શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. પ્રવેશ લેનાર તમામ વિદ્યાર્થીનીઓને રંગબેરંગી ટોપીઓ પહેરાવી ઢોલના તાલે શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. પ્રવેશ અગાઉ સંસ્થાના આદ્યસ્થાપક પૂ. દાસકાકાની પ્રતિમાને ફૂલહાર કરી આશીર્વાદ પ્રાપ્ત કરવામાં આવ્યા હતા. આચાર્ય નીરૂબેન જે પટેલ અને ક્રિએટીવ ઝોનના ઈન-ચાર્જ કિરણબેન પટેલે તમામ વિદ્યાર્થીનીઓને કુમકુમ તિલ કરી મોં મીઠું કરાવ્યું હતું અને આઈસક્રીમ તથા કલરનું વિતરણ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન મદદનીશ શિક્ષક ફાલ્ગુનીબેન પટેલના નેતૃત્વમાં ધોરણ-૧ના વર્ગશિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી વી એમ પટેલ અને શ્રીમતી એચ વી પટેલ કન્યા બાલમંદિરમાં શનિવારે રથયાત્રાની ઉજવણી કરવામાં આવી હતી. ભૂલકાઓ સુંદર વેશભૂષામાં સજ્જ થઈને આ ઉજવણીમાં સામેલ થયાં હતાં અને સમગ્ર કેમ્પસને રણછોડરાયજીના જયનાદથી ગૂંજવી દીધું હતું. રથયાત્રાનું મોસાળુ ક્રિએટીવ ઝોન દ્વારા કરવામાં આવ્યું હતું. કૃત્રિમ વરસાદ વરસાવી તથા મગ અને બૂંદીનો પ્રસાદ વહેંચી આ રથયાત્રા સંપન્ન કરવામાં આવી હતી. સંસ્થાનાં સંયોજક કિરણબેન પટેલ અને સુપરવાઈઝર મીનાક્ષીબેનના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ આનંદ-ઉલ્લાસથી ઉજવાયો હતો.

## જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા

ગાંધીનગર, તા. ૨૬

સમસ્ત આંજણા ચૌધરી સમાજ તેમજ શ્રી એમ પી ચૌધરી ચેરિટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા વિસરાતી જતી લોકસંસ્કૃતિને વાચા આપતો કાર્યક્રમ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, સૅક્ટર-૭ની વિદ્યાર્થીનીઓ અને શિક્ષકોએ ભાગ લઈ વિજેતાક્રમ મેળવ્યો હતો.

ગૌરીવ્રત/જન્માષ્ટમી નૃત્ય ગીતમાં શિક્ષિકા બહેનોએ પ્રથમ, ગરબામાં વિદ્યાર્થીનીઓએ દ્વિતિય અને વર્ષાનાં વધામણાંમાં શિક્ષિકા બહેનોએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

વિદ્યાલયનાં આચાર્ય સંતોકબેન ચૌધરી અને સમસ્ત શાળા પરિવારે પ્રત્યેક વિજેતાને અભિનંદન પાઠવ્યા હતા.



મહિન શાહ | હર્ષિલ પટેલ | અપૂર્વ પટેલ | સંકલ્પ આચાર્ય | નિહાલ પ્રજાપતિ | શિવાન પટેલ | અર્થ શાહ



સની ગિડવાની | દેવેશ પ્રજાપતિ | ઋત્વી પટેલ | કવન પટેલ | પ્રથાબેન પટેલ | ચંચલ ક્રિપાની

મૅડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે લેવામાં આવેલી નીટ-૨૦૧૭ની પરીક્ષામાં ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજના વિદ્યાર્થીઓએ ગાંધીનગર કેન્દ્રમાં સર્વશ્રેષ્ઠ દેખાવ કર્યો છે. આ સ્કૂલના ૭૦ જેટલા વિદ્યાર્થીઓ નીટ ક્વૉલિફાઈ થયા છે અને ઉપરોક્ત ૧૩ વિદ્યાર્થીઓએ ૯૦થી વધુ પર્સેન્ટાઈલ મેળવ્યા છે. આચાર્ય ડૉ. પ્રદીપ ગગલાણી અને શાળા પરિવાર તરફથી સૌ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## ગોકુળપુરા શાળામાં પ્રવેશોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૬

ગોકુળપુરા પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. કાર્યક્રમ અંતર્ગત ધોરણ-નાં ૫૮ બાળકો અને આંગણવાડીનાં ૧૭ બાળકોને ગૃહવિભાગના અધિક મુખ્ય સચિવ ઍમ ઍસ ડાગુર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય આઈ વી પટેલ, ગાંધીનગર શહેર વિસ્તારના શાસનાધિકારી છાયાબેન રાવલના હસ્તે શાળામાં પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. શાળાનાં મુખ્ય શિક્ષક છાયાબેન પટેલ તથા શાળા પરિવારે આ પ્રસંગે અનન્ય ઉત્સાહનાં દર્શન કરાવ્યાં હતાં. ઍમ ઍસ ડાગુરે વિદ્યાર્થીઓને ટેલીવિઝનનો બને તેટલો ઓછો ઉપયોગ કરવા તથા વધુને વધુ અભ્યાસમાં ધ્યાન લગાવવા માટે અનુરોધ કર્યો હતો. જેટલું સારું તમે ભણશો તેટલા સારા હોદ્દા પર ભવિષ્યમાં જશો એવી શીખ તેમણે વિદ્યાર્થીઓને આપી હતી. સ્વામીનારાયણ મંદિર, સે. ૨૩ તરફથી અમૃતપર્વ મહોત્સવ નિમિત્તે ૪૧૧ બાળકોને અભ્યાસ સામગ્રીની ભેટ ધરવામાં આવી હતી.

## ૨૯/૧ સ.પ્રા. શાળામાં પ્રવેશોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૬

સૅક્ટર-૨૯/૧ સરકારી પ્રાથમિક શાળા ખાતે વિશ્વ યોગ દિન નિમિત્તે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત યોગ માટેનું પ્રશિક્ષણ ગાયત્રી પરિવાર અને સિનિયર સિટિઝન્સ કાઉન્સિલના સભ્ય જશુબેન ઠક્કર દ્વારા આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે સિસિકાનાં કન્વીનર આશાબેન દોશી ઉપસ્થિત રહ્યાં હતાં. બાળકોએ ખૂબ સુંદર રીતે યોગાસનો કર્યાં હતાં. આ ઉપરાંત શાળામાં પ્રવેશોત્સવની ઉજવણી પણ શાનદાર રીતે કરવામાં આવી હતી. આ પ્રસંગે અતિથિ તરીકે પવિત્ર યાત્રાધામ વિકાસ બૉર્ડના અધ્યક્ષ મહેન્દ્રભાઈ ત્રિવેદી, ગાંધીનગર મહાનગર પાલિકાના લીગલ ઑફિસર ધનંજયભાઈ રહાણે, સીઆરસી રાજેન્દ્રભાઈ રાઓલ, બિપીનભાઈ રાવલ તથા ઍસઍમસીના સભ્યો, વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આચાર્ય મીનાક્ષીબેન જોશીએ સ્વાગત પ્રવચન અને કાર્યક્રમ સંચાલન વિદ્યાર્થીઓએ કર્યું હતું. આભારવિધિ બિપીનભાઈ રાવલ દ્વારા કરવામાં આવી હતી.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
ટ્યુબલાઈટ-૧.૩૦, ૪.૩૦
૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨**
ટ્યુબલાઈટ-૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૪**
રાબતા-૧૨.૪૫
બાહુબલિ-૨ - ૩.૪૫
હિન્દી મીડિયમ - ૭.૦૦
કરસનદાસ પે ઍન્ડ યુઝ-૯.૩૦

**સ્ક્રીન-૫**
ટ્યુબલાઈટ
૧૧.૩૦, ૨.૩૦, ૮.૩૦

**સ્ક્રીન-૬**
ટ્યુબલાઈટ - ૫.૩૦
હિન્દી મીડિયમ
સવારે ૧૦.૦૦
રાબતા - ૧૨.૪૫






અવિરત અવનવા કાર્યક્રમોથી શહેરને સુરીલું રાખતી સંસ્થા સ્મિત મ્યુઝિક, ગાંધીનગર દ્વારા તાજેતરમાં સંગીત દિવસની ઉજવણી હાથ ધરવામાં આવી હતી. આ પ્રસંગે શહેર નજીકની એક ગાર્ડન રેસ્ટોરન્ટમાં વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૪૫ જેટલા પરિવારોએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ ફૂડ, ફન, યોગા, મસ્તી અને મ્યુઝિકથી સભર બનાવીને ઉપસ્થિત સંગીતપ્રેમીઓને ભરપૂર મનોરંજન સંસ્થા દ્વારા પિરસવામાં આવ્યું હતું.




માહિતી અને સંચારના આ યુગમાં વર્તમાન પ્રવાહોની જાણકારી એ ન માત્ર નોકરીવાંચ્છુકો માટે, પરંતુ સૌ કોઈ માટે ઉપયોગી થઈ પડી છે. એ જરૂરિયાત પારખીને 'ગાંધીનગર સમાચાર' આજથી વર્તમાન પ્રવાહો માટે નવો વિભાગ શરૂ કરી રહ્યું છે. લાભ લેવા અને મંતવ્યો આપવા સૌને ઈજન છે.

(૧) વિશ્વ યોગ દિન અમદાવાદમાં કેટલા લોકોએ સમુહમાં યોગ કરી નવો વિશ્વ વિક્રમ સર્જ્યો હતો ?
(A) ૫૪,૫૨૧ ((B) ૫૪,૫૨૨
(C) ૫૪,૫૨૩ (D) ૫૪,૫૨૪

(૨) વર્ષ-૨૦૧૭માં વિશ્વભરમાં કેટલામો વિશ્વયોગ દિવસ મનાવવામાં આવ્યો હતો ?
(A) પ્રથમ (B)દ્વિતીય (C) તૃતીય (D) ચતુર્થ

(૩) ૨૦૧૭માં અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની કેટલામી રથયાત્રા નિકળી હતી ?
(A) ૧૩૭મી (B) ૧૩૮ મી (C)૧૩૯ મી (D) ૧૪૦ મી

(૪) ૨૪ જૂનના રોજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 'કોમન મોબિલિટિ પેમેન્ટ' માટે કયા કાર્ડનો પ્રારંભ કર્યો છે ?
(A) લોકમિત્ર કાર્ડ (B) જનમિત્ર કાર્ડ
(C) નાગરિકમિત્ર કાર્ડ (D) પિપલ્સમિત્ર કાર્ડ

(૫) કોમન મોબિલિટિ પેમેન્ટ કાર્ડ 'જન મિત્ર કાર્ડ' કઈ બેંકના સહયોગથી શરૂ કરવામાં આવ્યું છે ?
(A) HDFC (B) PNB (C) SBI (D) ICICI

(૬) મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સરકારની શ્રમિક અન્નપૂર્ણા યોજના ક્યાંથી શરૂઆત કરાવી હતી ?
(A) રાજકોટ (B) અમદાવાદ (C) વડોદરા (D) ગાંધીનગર

(૭) સમગ્ર દેશમાં ડિઝલની હોમ ડિલેવરી કરનાર પ્રથમ શહેર કયું છે ?
(A) મુંબઈ (B) બેંગાલુરુ (C) દિલ્હી (D) ચેન્નઈ

(૮) ભારતના વર્તમાન રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ પોતાના કાર્યકાળ દરમિયાન કેટલી દયાની અરજી નકારી કાઢી હતી ?
(A) ૨૮ (B) ૨૯ (C) ૩૦ (D) ૩૧

(૯) તાજેતરમાં ઈસરો દ્વારા આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા ખાતેથી એક સાથે કેટલા સેટેલાઈટ લોન્ચ કરી નવો ઈતિહાસ રચ્યો છે ?
(A) ૩૧ (B) ૩૨ (C) ૩૩ (D) ૩૪

(૧૦) ઈસરો દ્વારા મુખ્ય 'કાર્ટોસેટ-૨૫'' સાથે કેટલા નેનો સેટેલાઈટ લોંચ કર્યા હતા ?
(A) ૨૮ (B) ૩૦ (C) ૨૯ (D) ૨૭

(૧૧) આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા ખાતેથી ઈસરોએ કયા રોકેટની મદદથી ૩૧ સેટેલાઈટ અવકાશમાં રવાના કર્યા હતા ?
(A) PSLV-C-37 (B) PSLV-C-30
(C) PSLV-C-38 (D) PSLV-C-31

# હજારો હાર પછી પણ આત્મબળનો નોખો થનગનાટ હોવો જોઈએ




૭૦ના દાયકાની હોલીવુડની બ્લોક બસ્ટર ફિલ્મ 'રૉકી '. આ ફિલ્મ આજે પણ આધેડવયના લોકો અને ૨૦-૨૫ વર્ષના યુવાનો બંને વર્ગને આકર્ષિત અને રોમાંચીત કરે છે. ૧૯૭૦ના દાયકામાં રીલીઝ થયેલી હોલીવુડની આ બ્લોક બસ્ટર ફિલ્મે હોલીવુડની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમા ટ્રેન્ડ સેટર માઈલ સ્ટોન છે. વેસ્ટર્ન અને એશિયન દર્શકોમાં ટ્રેન્ડ સેટર માઈકલ સિલ્વેસ્ટર ગાર્ડેન્ઝીઓ સ્ટેલોનની રોકીએ એક ફિલ્મ તરીકે અદભુત કાઠુ કાઢ્યું. આ ફિલ્મનો રોમાંચક ઈતિહાસ રુવાંડા ઊભા કરી દે તેવો છે.

સિલ્વસ્ટર સ્ટેલોન એ જમાનામાં સ્ટ્રગલર તરીકે હોલીવુડના એક સ્ટુડિયોમાંથી બીજા સ્ટુડિયોમાં કામ કરવા માટે રખડપટ્ટી કરતાં. સ્ટેલોન જે પણ સ્ટુડિયોમાં જાય અને જે પણ નિર્દેશકને મળે ત્યારે નિર્દેશકો એને કહેતાં કે, તે ખૂબ વિચિત્ર લાગે છે અને તેની વાતચીત કરવાની શૈલી અને હાવભાવ પણ ખૂબ કઢંગા છે. લગભગ રોજેરોજ સ્ટેલોનનું કોઈને કોઈ સ્ટુડિયોમાં અપમાન થતું. જેવી રીતે હિન્દુસ્તાનના મિલેનિયમ સુપર સ્ટાર અમિતાભ બચ્ચનને શરૂઆતના સમયમાં એક નિર્દેશકે એનો અવાજ ખૂબ ગહેરો છે એમ કહીને અપમાનિત કરીને ફીલ્મમાં નહોતા લીધા. સ્વર્ગસ્થ સુનિલ દત્તે પણ આ જ કારણસર મિલેનિયમ સુપર સ્ટારને એમની ફિલ્મ રેશમા ઔર શેરામાં મુંગા કેરેકટરનો રોલ આપ્યો હતો.



સ્ટેલોન એમના જવાનીના દિવસોમાં એક પેરેડાઈઝ વેલી નામની ફિલ્મ બનાવેલી આ ફિલ્મ ખરીદવા કોઈ ખરીદાર જ નહોતો. થાકીને સિલ્વેસ્ટરે આ ફિલ્મ માત્ર ૧૦૦ ડોલરમાં વેચી. સિલ્વેસ્ટર સવારે ખાય તો સાંજે શું ? એવી કંગાળ આર્થિક સ્થિતિ હતી. પણ એના હૃદયમાં કંઈક કરી છૂટવાની જબરજસ્ત તમન્ના હતી. એક તબક્કે તો સ્ટેલોને એની પત્નીના ઘરેણાં પણ ગીરવે મૂક્યા. પણ એના લક્ષ્યમાંથી એ પાછો ન ફર્યો. કારમી આર્થિક તંગીને કારણે સિલ્વેસ્ટર એના પ્રિય કૂતરાને પણ ખવડાવી શકે તેટલાં પૈસા નહોતાં. પરિણામે હૃદય પર પત્થર મૂકીને સ્ટેલોને કૂતરાને વેચવાનો નિર્ણય કર્યો. માત્ર ૨૫ ડોલરમાં એણે એનું પ્રિય ડોગી વેચી નાખ્યું. ડોગી વેચ્યા પછી પહાડ જેવો સ્ટેલોન ઘરે આવીને પોક મૂકીને ખુબ રડ્યો. દિવસો સુધી એ એના કૂતરાની યાદમાં રડતો રહ્યો.

એક દિવસ સમી સાંજે કોઈપણ કારણ વગર ફૂટપાથ પર સ્ટેલોન ટહેલતો હતો. ઠંડી કહે મારું કામ. કડકડતી શિયાળાની એ મોસમ. એ ફૂટપાથના કિનારે આવેલી એક લાયબ્રેરીમાં ગયો ત્યાં તેણે 'પો' નામનું પુસ્તક જોયું એક જ બેઠકે તે પુસ્તક સ્ટેલોને વાંચી કાઢ્યું. પુસ્તકની સ્ટેલનના દિમાગ પર એવી તો જબસજસ્ત અસર થઈ કે, એણે વિચાર્યું મારે મારી આર્થિક પરિસ્થિતિ ઉપર તરસ ખાવાનું છોડી દઈને આગળ વધવું જોઈએ. પુસ્તક વાંચીને એક નવો આઈડીયા આવ્યો. આ નવા વિચારથી સ્ટેલોનના જીવનમાં ૩૬૦ ડિગ્રીએ પરિવર્તન આવ્યું. પૈસા તો નહતા પણ પુરુષાર્થમાં જોમ આવ્યું. નાણાંની તંગી ચોક્કસ હતી પણ મન અને હૃદયની અમીરાતના દરવાજા નવી રીતે ખૂલ્યાં હતાં. બીજા દિવસે કોઈક કામે સ્ટેલોન જઈ રહ્યો હતો ત્યારે એણે સડકના કિનારે મહંમદ અલીની બોક્ષીંગની મેચ ચાલતી હતી ત્યાં લોકોની ભીડ જોઈ. કાંઈ પણ વિચાર્યા વગર સ્ટેલોન મહંમદ અલીની બોક્ષીંગની મેચ જોવા બેસી ગયો. આ બોક્ષીંગની મેચ જોતાં જોતાં સ્ટેલોનના મગજમાં 'રોકી' ફિલ્મ બનાવવાનો આઈડિયા આવ્યો.

આખી રાત બેસીને સ્ટેલોને રૉકી ફિલ્મની સ્ક્રીપ્ટના મુદ્દા અને આઈડીયા લખી નાખ્યા. એને વિશ્વાસ હતો કે આ ફિલ્મ બનવી જ જોઈએ. સ્ટેલોનને એવો ગજબનો વિશ્વાસ બેસી ગયો હતો કે, આ ફિલ્મ એક અદભુત સફળ ફિલ્મ બનશે. ફિલ્મની સ્ક્રીપ્ટ લઈને સ્ટેલોન એક સ્ટુડિયોથી બીજા સ્ટુડિયોના ચક્કર મારવા લાગ્યો. લગભગ એકાદ હજારવાર જુદા જુદા સ્ટુડિયોમાં એણે અનેકવાર ચક્કરો માર્યા પણ તેને એક જ જવાબ મળતો કે, આ વાર્તા ઉપરથી અમે ફિલ્મ બનાવવા માંગતા નથી. છેલ્લે એક સ્ટુડિયોને સ્ટેલોનની રૉકીની સ્ટોરી ખૂબ ગમી. આ સ્ટુડિયો સ્ટેલોનની રૉકી વારતા ઉપરથી ફિલ્મ બનાવવા માટે સ્ટેલોનને ૧.૨૫ લાખ ડોલર આપવાની ઓફર કરી પણ ફિલ્મમાં હીરો તરીકે સ્ટેલોનને નહીં બીજાને હીરો તરીકે લેવાનું કહ્યું. સ્ટેલોને વાર્તા વેચવાની સ્પષ્ટ ના પાડી અને કહ્યં કે, આ વાર્તાની ફિલ્મમાં હીરો તો હું જ રહીશ. સ્ટુડિયોએ ૨.૫ લાખ સુધી ઓફર કરી પણ સ્ટેલોન એકનો બે ન થયો. અંતે સ્ટુડિયોએ સ્ટેલોનને કહ્યું કે, અમે તને હીરો લઈને જોખમ તો ખેડીએ પણ તને ૩૦૦૦૦ ડોલર આપીશું. સ્ટેલોને તરત સંમતિ આપી દીધી.

ફિલ્મ સાઈન કરીને જે સાઈનીંગ એમાઉન્ટ આવી તે લઈને સ્ટેલોન મુઠ્ઠીઓ વાળીને દોડ્યો ડોગી જેને વેચ્યો હતો એની પાસે. સ્ટેલોને એ વ્યક્તિને ૨૫ ડોલરના કૂતરાની સામે ૧૦૦ ડોલર આપવાનું કહ્યું પણ પેલો વ્યક્તિ સ્ટેલોનની મજબૂરીનો સંપૂર્ણ લાભ ઉઠાવવા માગતો હતો. તે ન માન્યો. સ્ટેલોને ૨૦૦, ૫૦૦, ૧૦૦૦ ડોલર સુધી ઓફર કરી પણ એ વ્યક્તિ ન માની. ફાઈનલી ૭૦૦૦ ડોલરમાં એણે એનો કૂતરો પાછો આપ્યો અને શરત પણ રાખી કે રોકી ફિલ્મમાં એને એક કિરદાર આપવું પડશે. સંભવતઃ રૉકી ફિલ્મમાં રેફરીનું જે કેરેકટર છે. એ જ આ કૂતરો ખરીદનાર વ્યક્તિ છે.

આખરે રૉકી ફિલ્મ બની અને આ ફિલ્મે એક મિલિયન ડોલરથી પણ વધુ કમાણી કરી. ઓસ્કર એવોર્ડ માટે પણ નોમિનેટ થઈ. સમગ્ર વિશ્વમાં રૉકી ફિલ્મનો ડંકો વાગ્યો. ચારે બાજુ સિલ્વેસ્ટેર સ્ટેલોનની અદાકારી, શરીર સૌષ્ઠવ, ફિલ્મની વાર્તા, સંગીત, અભિનય તમામ પાસાના ખૂબ વખાણ થયા. અને પછી રોકી-૨, રોકી-૩ એમ એની સિરીઝ બનવા લાગી.

સ્ટેલોનના સંઘર્ષની આ કથા કહે છે કે, હાર અને જીત સિક્કાની બે બાજુ છે. એક હાર એ જીવનની સમાપ્તિ નથી. કે પછી એક જીત એ જીવનની ચોટી નથી. હજારો હાર સામે પણ મજબૂત પ્રયાસોનું આત્મબળ રંગ લાવતું હોય છે. કંઈપણ થાય પછડાટ નહીં અનુભવનાર એક દિવસ આગળ આવે છે. પછડાટનો સ્વીકાર ન કરવાની વાત વિજયનો માર્ગ ખોલતી હોય છે.

એક વાર નિષ્ફળતા પછી એકના એક માર્ગે ચાલવું એ મોટી મુર્ખામી છે. એક શસ્ત્ર કારગત ન નીવડે પછી એના એ જ શસ્ત્રથી ફરી યુદ્ધના મેદાનમાં ઉતરવું એ નર્યું ગાંડપણ છે. હંમેશા નવા માર્ગો, નવા શસ્ત્રો અને નવા આઈડિયા સાથે નવા જોમ અને નવા જુસ્સાથી ફરી પાછા રણમેદાનમાં ઉતરવું એ જ સાચા યોદ્ધાની નિશાની છે. મનમાં લક્ષ્યની સ્પષ્ટતા અને અંતરમાં પુરુષાર્થની દ્રઢતા આ બેનું સામંજસ્યજ હારને જીતમાં પલટાવી નાખે છે. કોઈપણ હાર કાયમી નથી. જેમ પ્રત્યેક કાળી ડિબાંગ રાત્રી પછી સૂરજના સોનેરી કિરણો રેલાતાં હોય છે, એમ દરેક હારને છેડે હસતી ખેલતી એક જીત ઊભી જ હોય છે.

**ધબકાર**

માત્ર મોટા મોટા સપના જોઈને બેસી રહેવાથી માત્ર બરબાદીને નિમંત્રણ આપવામા આવે છે. સોણલા સાકાર કરવા આયોજનબધ્ધ પરિશ્રમની નક્કર પુષ્ટભૂમિ હોવી જોઈએ.